**<u>ભીલોડાના મે.એડી.ચીફ જયુડી. મેજી.સાહેબશ્રીની અદાલતમાં,મુ. ભીલોડા જી. અરવલ્લી.</u>**

**<u>ફોજદારી કેસ નં.૧૧૫૨/૨૦૧૭</u>**
**આંક :–**

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

<u>વિ રુ ધ્ધ</u>

**<u>આરોપી</u>** :– (૧) અરવીંદભાઈ મરતાજી નિનામા વિ. ૩
તમામ રહે. વસાયા,તા.ભિલોડા,જી.અરવલ્લી

- **ગુન્હો:–** <u>ઈ.પી.કો.કલમ– ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ</u>

**બાબત :–** <u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ હેઠળ સેસન્સ કમીટ</u>

/// **<u>કમીટલ હુકમ //</u>**

(૧). આ કામે શામળાજી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી. નં. ૫૦/૧૭ થી તા. ૨૨/૦૬/૧૯ ના રોજ હાલના કામના ઉપરોકત આરોપીઓ વિરુધ્ધ હાલના કામેનો ગુનો રજીસ્ટર્ડ થતાં તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસના અંતે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ અંતર્ગત આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત મુજબના ગુના અંગેનુ ચાર્જશીટ તા.૮/૦૮/૧૭ ના રોજ રજુ કરતાં આ અદાલતમાં ચાર્જશીટ ફોજદારી રજીસ્ટરે નિયત ક્રમે નોંધવામાં આવેલ છે.

(૨). આ કામે આરોપીઓ જામીન મુકત હોઈ તથા તેમને ક્રિ.પ્રો. કો.ની

કલમ ૨૦૭ અન્વયે તમામ પોલીસ પેપર્સની નકલ મળ્યા બદલની ખાત્રી કર્યા બાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કો. ની કલમ ૩૦૪ મુજબ નિવેદન લેતાં તેઓ નામ. સેશન્સ કોર્ટમાં ખાનગી વકીલ રોકી બચાવ કરવા માગે છે તેમ જણાવતા હોઈ, તે સંબંધે આરોપીઓનું લેખીત નિવેદન નોંધી આ અદાલતની રુબરુ તેમની સહી લ ેવામાં આવેલ છે

(૩). આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ના ગુનાનો આક્ષેપ છે અને તેથી ગુનાની કાયદાકીય જોગવાઈઓ અનુસાર આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે ની સત્તા અત્રેની કોર્ટને હોય પરંતુ આ કેસનો ક્રોસ કેસ નામ. સેશન્સ અદાલતમાં કમીટ કરી મોકલી આપેલ હોય તે –ન્વયે નામ. સેશન્સ કોર્ટે હાલનો કેસ કમીટ કરી સેશન્સ કોર્ટમાં મોકલી આપવા જણાવેલ હોય સદરહું ફોજદારી કેસ ગુનાની ઈન્સાફી કાર્યવાહી અર્થે નામદાર સ ેશન્સ અદાલત, અરવલ્લી, મોડાસા ખાતે કમીટ કરવા સબબ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>// હુકમ //</u>

(૧). આરોપીઓ સામેનો હાલનો ફોજદારી કેસ નં. ૧૧૫૨/૧૭ ઈ.પી.કો.કલમ– ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ સજાપાત્ર ગુનાને લગતો, સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી અર્થે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ અન્વયે નામદાર સેશન્સ કોર્ટ, અરવલ્લી ,મોડાસા ખાતે કમીટ કરવામાં આવે છે.

(૨) સદરહું કેસ નિયમાનાસુરનું વર્ગીકરણ કરી ,ફાઈલીંગ કરી તૈયાર કરી અસલ રેકર્ડ , રોજકામ આ સાથે કમીટ કોર્ટ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહુ કેસ કમીટ કર્યા બાબતની જાણ વિધ્વાન મદદનીશ સરકારી

વકીલશ્રીની કચેરી, અરવલ્લી, મોડાસાનાઓને કરવી.

સદરહુ હુકમ આજરોજ તા. ૨૧ મી, માહે નવેમ્બર , સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ:– ૨૧–૧૧–૨૦૧૯
ભિલોડા.

**( જનક ડી. સોલંકી )** જીજે. ૦૦૯૭૯
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભિલોડા.